## સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ- 7 | સામાજિક વિજ્ઞાન | જાન્યુઆરી, 2021

સમય : 1 કલાક | કુલ ગુણ : 25

---

**[અ.નિ. - અધ્યયન નિષ્પત્તિ (Learning Outcome)]**

અ.નિ. આજીવિકાઓની રીતો અને વિસ્તારની ભૌગોલિક સ્થિતિ વચ્ચેના સંબંધને સમજાવશે. (દા.ત. જાતિઓ, વિચરતી જાતિઓ અને વણજારા)

પ્રશ્ન–1 નીચેના પ્રશ્નોના જવાબ આપો.

1. વિચરતી અને વિમુકત જાતિના મુખ્ય વ્યવસાય કયા હતા ? શા માટે? (3)
2. વણજારા અર્થતંત્ર માટે કેવી રીતે મહત્વપૂર્ણ હતા ? (2)

અ.નિ. એવાં પરિબળોનું વિશ્લેષણ કરે છે કે જેનાથી નવા ધાર્મિક વિચારો અને ચળવળોનો ઉદભવ થયો. (ભક્તિ અને સૂફી )

પ્રશ્ન-2 (અ)
1. ભક્તિ આંદોલન લોકોમાં શા માટે પ્રિય થયું હતું ? (1)
2. ભારતના ઇતિહાસમાં ભક્તિ અને સૂફી આંદોલનોના કારણે કયા કયા ફેરફારો જોવા મળ્યા હતા? (2)

પ્રશ્ન-2 (બ) એક વાક્યમાં જવાબ આપો.

1. શંકરાચાર્યે ભારતના કયા ભાગમાં કેવા પ્રકારની પ્રવૃત્તિ હાથ ધરી હતી ? (1)
2. એકેશ્વર પરંપરામાં કયા સંતને સૌથી મહત્વપૂર્ણ માનવામાં આવતા હતા ? (1)

અ.નિ. મધ્યયુગીન સમયગાળા દરમિયાન એક સાથે (અલગ-અલગ સ્થળે) થતી મુખ્ય ઐતિહાસિક પ્રગતિઓ દર્શાવે છે.

પ્રશ્ન- 3 પ્રશ્નોના ઉત્તર આપો.

1. સંસ્કૃત ભાષામાંથી કયા કયા રાજ્યોમાં કઈ-કઈ ભાષાનો વિકાસ થયો? (3)
2. ઉત્તર અને દક્ષિણ ભારતનાં મંદિરોમાં વિકાસ પામેલી સ્થાપત્ય શૈલી વિશે ટૂંકમાં જણાવો. (2)

અ.નિ. ધરતીકંપ, પૂર, દુષ્કાળ વગેરે જેવી આપત્તિમાં લેવાનાં સાવચેતીનાં પગલાં સમજાવે છે. દુર્ઘટના તેમજ આપત્તિઓ માટેના પરિબળો વિશે પ્રતિભાવ આપે છે.

પ્રશ્ન- 4(અ) માંગ્યા મુજબ ઉત્તર આપો. (3)

1. ભૂકંપ સમયે કઈ- કઈ સાવચેતીઓ રાખવી જોઈએ?
2. પ્રવર્તમાન સમયમાં આપણે માસ્ક શા માટે પહેરવો જોઈએ?
3. આપત્તિની બે અસરો જણાવો.

પ્રશ્ન- 4 (બ) નીચે આપેલા પ્રશ્નોના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો ઉત્તર લખો. (2)

1. કઈ આપત્તિની ચોક્કસ આગાહી કરી શકાતી નથી ?

   (A) ભૂકંપ (B) પૂર (C) વાવાઝોડું (D) તમામ

2. તમે શાળામાં હોવ ત્યારે વાવાઝોડું આવે તો તમે શું  કરશો ?

(A) ઘર તરફ જશો (B) દોડાદોડી કરશો

(C) શાંતિપૂર્વક વર્ગખંડમાં બેસી રહેશો. (D) રાડારાડ કરશો

અ.નિ. પ્રવર્તમાન સામાજિક સ્થિતિ વિશે ભક્તિ અને સૂફી સંતોનાં પદોમાંથી અનુમાન કરે છે.

પ્રશ્ન-5 નીચે આપેલ પ્રશ્નોના જવાબ આપો.

1. સૂફી –આંદોલન વિશે ટૂંકનોંધ લખો. (2)
2. સંત કબીરનો પરિચય આપો. (2)
3. ભારતમાં થયેલ ભક્તિ અને સૂફી આંદોલનની ઘટનાનું મુખ્ય પ્રયોજન કયું કયું હતું? (1)

સામાયિક કસોટી

| ધોરણ-7 | સામાજિક વિજ્ઞાન | ઓગસ્ટ,2020 |
|---|---|---|
| સમય – 1 કલાક | | કુલ ગુણ- 25 |

અ. નિ. - અધ્યયન નિષ્પત્તિ - Learning Outcome

**અ.નિ.** **જુદા જુદા શાસકોની નીતિઓ વચ્ચેની સરખામણી કરે છે.**

**પ્રશ્ન – 1** **પરમારવંશ અને સોલંકીવંશના શાસનકાળની તુલના કરો.** (5)

**અ.નિ** **મંદિરો, કબરો અને મસ્જિદોના ઉદાહરણો દ્વારા વિશિષ્ટ શૈલી અને ટેકનોલોજીથી બંધાયેલા સ્થાપત્યોનું વર્ણન કરે છે.**

**પ્રશ્ન- 2** **તમે જોયેલા અથવા વાંચેલા કોઈ એક સ્થાપત્યની વિશેષતાનું વર્ણન આઠ થી દસ વાક્યોમાં કરો.** (5)

**અ.નિ.** **વિવિધ રાજ્યો દ્વારા અપનાવવામાં આવેલા, લશ્કરી નિયંત્રણ માટે લીધેલા વહીવટી પગલાં અને વ્યૂહ રચનાઓનું વિશ્લેષણ કરે છે. દા.ત. ખલજીઓ , તુઘલઘ , મુઘલો વગેરે .**

**પ્રશ્ન –3** **નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર આપો.**

1. સુલતાન અલાઉદ્દીન ખલજીની વહીવટી વ્યવસ્થા જણાવો. (2)
2. છત્રપતિ શિવાજીના વિજયો વિશે નોંધ લખો (3)

**અ.નિ.** **વિવિધ પરિબળો/ઘટનાઓને કારણે રચાતા ભૂમિ સ્વરૂપના નિર્માણનું વર્ણન કરે છે.**

**પ્રશ્ન– 4** **નીચે આપેલ જોડકાં જોડો.** (5)

| (અ) | (બ) |
|---|---|
| 1. ભૂમિસ્વરૂપોના ફેરફારનું મુખ્ય કારણ | 1. ડેલ્ટા |
| 2. રણમાં પવનને કારણે બનતું ભૂમિ સ્વરૂપ | 2. ડ્રમલિન |
| 3. નદીની શાખાના મુખોના નિક્ષેપણના જથ્થાથી થતો મુખત્રિકોણ | 3. ભૂકંપ |
| 4. સમુદ્રમોજાના ઘસારણને કારણે બનતું દિવાલ જેવું ભૂમિ સ્વરૂપ | 4. ઢૂવા |
| 5. હિમનદી દ્વારા લાવેલા પદાર્થો નિક્ષેપિત થતાં બનતું ભૂમિ સ્વરૂપ | 5. સ્ટૈક |

**અ.નિ.** **મધ્યયુગીન સમયગાળા દરમિયાન થયેલ સામાજિક, રાજકીય અને આર્થિક ફેરફારોનું વિશ્લેષણ કરે છે.**

**પ્રશ્ન – 5** **નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો.**

1. ‘અકબર રાજા તરીકે ભારતના ઈતિહાસમાં ગણનાપાત્ર સ્થાન ધરાવે છે.’- તેમણે પ્રજાહિત માટે કરેલાં કાર્યોને આધારે વર્ણવો. (3)
2. શેરશાહના શાસનમાં થયેલ સુધારા વર્ણવો. (2)

સામાયિક કસોટી

ધોરણ-7 સામાજિક વિજ્ઞાન ઓક્ટોબર,2020

સમય – 1 કલાક કુલ ગુણ- 25

---

અ.નિ. મંદિરો, કબરો અને મસ્જિદોના ઉદાહરણ દ્વારા વિશિષ્ટ શૈલી અને ટેકનોલોજીથી બંધાયેલા સ્થાપત્યોનું વર્ણન કરે છે.

**પ્રશ્ન – 1(અ) નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને લખો.** **(2)**

1 દિલ્લી સલ્તનતના આ સમયગાળામાં મસ્જિદ,મકબરા અને રોજા એમ ત્રણ સ્થાપત્યોની પ્રમુખ શૈલી.

A. ઇસ્લામ B. નાગર C. સલ્તનત D. આરબ

2 ભારતના સ્થાપત્ય કલાના વારસાને ગૌરન્વિત કરનાર સ્થાપત્ય.

A. મોઢેરાનું સૂર્યમંદિર B. ઉપરકોટનો કિલ્લો C. તાજમહાલ D. લાલ કિલ્લો

**પ્રશ્ન- 1 (બ) ટૂંકનોંધ લખો:** મુઘલ સ્થાપત્ય કલા **(3)**

અ.નિ. સ્થાનિક સરકાર અને રાજ્ય સરકાર વચ્ચે તફાવત સમજે છે.

**પ્રશ્ન –2 (અ) તફાવતના ત્રણ-ત્રણ મુદ્દા સમજાવો.** **(3)**

સ્થાનિક સરકાર અને રાજય સરકાર

પ્રશ્ન-2 (બ) નીચે આપેલ કાર્યો કોણ કરે છે તે જણાવો. (2)

1. વર્તમાન કાયદાઓમાં સુધારા વધારા કરે છે.
2. લાઇટ ,ગટરની સુવિધાઓ પૂરી પાડે છે.

અ.નિ. સમાનતાના અધિકારના સંદર્ભમાં પોતપોતાના ક્ષેત્રમાં સામાજિક, રાજકીય અને આર્થિક મુદ્દાઓનું અર્થઘટન કરે છે.

**પ્રશ્ન –3 (અ) નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર ટૂંકમા આપો.** **(3)**

1. બાળમજૂરી એ સમાનતાના કયા અધિકારનો ભંગ ગણાય?
2. એક જ સરખા કામમાં પુરુષ અને મહિલાઓને મજૂરી ચૂકવવામાં ભેદભાવ રાખવામાં આવે છે તો એ કયા પ્રકારની અસમાનતા કહેવાય?
3. દરેક સમાજ અને દરેક વ્યક્તિને સમાનતાનો અધિકાર કોના દ્વારા આપવામાં આવ્યો છે ?

પ્રશ્ન-3 (બ) સમાનતા એટલે શું ? કાયદા દ્વારા કઇ કઇ સમાનતાઓ આપવામાં આવેલ છે તે જણાવો. (2)

અ.નિ. પર્યાવરણના વિવિધ ઘટકો અને તેમની વચ્ચેના સંબંધને વર્ણવે છે.

**પ્રશ્ન– 4 નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

1. ઉત્ખનનને કારણે મૃદાવરણ જલાવરણ કઈ રીતે બને છે? (1)
2. જલાવરણ વાતાવરણમાં કઈ રીતે ફેરવાય છે? (1)
3. વિવિધ ભૂમિસ્વરૂપો કઈ રીતે બને છે? સમજાવો. (3)

અ.નિ. પર્યાવરણના પ્રદૂષણ માટે જવાબદાર પરિબળોનુ વિશ્લેષણ કરે છે અને રોકવા માટેના પગલાંઓ જાણે છે.

**પ્રશ્ન – 5 નીચેના જણાવેલ વિકલ્પો પૈકી સાચો વિકલ્પ શોધી લખો.** (5)

1. નીચેનામાંથી હવા પ્રદૂષણ માટે કયું કારણ જવાબદાર નથી?
   - A. તાપવિદ્યુત મથકો B. ખનન અને બાંધકામ
   - C. જંતુનાશક દવાઓ D. સિંચાઈ
2. ભૂમિનું પ્રદૂષણ રોકવા માટે નીચેનું કયુ વિધાન બંધબેસતું નથી ?
   - A. જંતુનાશક દવાનો મર્યાદિત ઉપયોગ
   - B. ઘન કચરાનું વર્ગીકરણ કરી તેનો પુન:ઉપયોગ
   - C.ખેતીમાં ટપક અને ફુવારા સિંચાઈ પદ્ધત્તિનો ઉપયોગ.
   - D. સામાજીક પ્રસંગો,ઉત્સવો કે અન્ય પ્રસંગોમાં ઘોંઘાટ ટાળવો.
3. કયા પ્રદુષણથી માણસમાં ચીડિયાપણું આવે છે?
   - A. ભૂમિ પ્રદુષણ B.ધ્વનિ પ્રદુષણ
   - C.હવા પ્રદુષણ D. જળ પ્રદુષણ
4. વિવિધ ભૂમિ સ્વરુપોની રચના માટે નીચે પૈકી કયું પરિબળ જવાબદાર નથી ?
   - A. પાણીનું બાષ્પીભવન થવું B. ભેજના કારણે વાદળો બંધાવા
   - C. વરસાદનું પાણી વહેવાથી D. જળ પ્રદૂષણથી.
5. "ત્સુનામી" જેવા શક્તિશાળી વિનાશક મોજાં ઉત્પન્ન કરવામાં કઈ પ્રક્રિયા જવાબદાર નથી?
   - A. જ્વાળામુખી B. ભુકંપ
   - C. ભુસ્ખલન D.દાવાનળ

## સામયિક મૂલ્યાંકન કસોટી

**ધોરણ - 7** **સામાજિક વિજ્ઞાન** તા. **17/12/2021**

**સમયઃ 1 કલાક** **કુલ ગુણ – 25**

---

પ્રશ્ન – 1(અ) નીચે આપેલા જોડકાં જોડો. (3)

| A | B |
|---|---|
| 1. દારૂગોળો અને તોપોનું નિર્માણ | A. સંગ્રામસિંહની પદવી ધારણ કરી |
| 2. અમનદાસ | B. ગઢકટંગા |
| 3. 70,000 ગામડાઓનો સમાવેશ | C. અહોમજાતિ |
| | D. મુંડા અને સંથાલજાતિ |

**પ્રશ્ન – 1(બ)** ગુજરાતના આદિવાસી પ્રજાની વિશિષ્ટ ઓળખ વિશે ટૂંકનોંધ લખો. **(2)**

**પ્રશ્ન - 2(અ) નીચે આપેલા પ્રશ્નોના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો ઉત્તર લખો. (2)**

1. મુંડા અને સંથાલ જનજાતિનાં લોકો કયા-કયા રાજ્યમાં જોવા મળે છે ?
   (A) ગુજરાત અને રાજસ્થાન (B) બિહાર અને ઝારખંડ
   (C) ગુજરાત અને મધ્યપ્રદેશ (D) મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશ

2. દક્ષિણ ભારતમાં કઈ જનજાતિઓના લોકોનો વસવાટ મોટી સંખ્યામાં હતો?
   (A) ગોંડ (B) સંથાલ (C) કોરાગા (D.) ચૌધરી

**પ્રશ્ન:- 2 (બ) વિધાનો સાચા છે કે ખોટા તે જણાવો. (3 )**

(1) ભારતના વિવિધ સમુદાયો પોતાની જરૂરિયાતો માટે એકબીજા પર નિર્ભર હતા.

(2) આદિવાસી સમૂહ પ્રકૃતિનો પ્રેમી અને સંવર્ધનમાં શ્રદ્ધા ધરાવે છે.

(3) " બુરંજી " નામની ઐતિહાસિક કૃતિને અહોમ ભાષામાં લખવામાં આવી હતી.

**પ્રશ્ન :- 3(અ) આપેલ પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (2)**

(1) આધુનિક સમયની મહિલાઓનું કયા કયા ક્ષેત્રોમાં મહત્વનું યોગદાન છે ?

(2) ભારતના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ કોણ હતા?

**પ્રશ્ન :- 3(બ) આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. (3)**

(1) આપણા દેશના પ્રથમ મહિલા વિદેશમંત્રી બનવાનું ગૌરવ કઈ મહિલાને પ્રાપ્ત થયું હતું ?

(2) ગુજરાત સરકાર દ્વારા " કુપોષણમુકત ગુજરાત " અભિયાનના એમ્બેસેડર તરીકે પસંદગી પામનાર કઈ મહિલા છે ?

(3) વિશ્વમાં 'લોખંડી મહિલા પ્રધાનમંત્રી' તરીકેની ઓળખ કઈ મહિલાને મળી હતી?

**પ્રશ્ન :- 4(અ)** વિજ્ઞાન ક્ષેત્રે કોઈ એક મહિલાનું યોગદાન વર્ણવો. **(2)**

**પ્રશ્ન :- 4(બ)** **નીચે આપેલ જોડકાં જોડો.** **(3)**

| (અ) | (બ) |
|---|---|
| (1) કલ્પના ચાવલા | A. સંગીતક્ષેત્ર |
| (2) સુષ્મા સ્વરાજ | B. અવકાશક્ષેત્ર |
| (3) લત્તા મંગેશકર | C. ખેલક્ષેત્ર |
| | D. રાજકીયક્ષેત્ર |

**પ્રશ્ન :- 5(અ)** **નીચે આપેલ પ્રશ્નોના માંગ્યા મુજબ જવાબ લખો.** **(2)**

(1) બાળ લગ્નના કારણે મહિલાઓ પર કેવી કેવી અસરો થાય છે ?

(2) આઝાદીના સમયે મહિલાઓ કઈ રીતે આંદોલનમાં જોડાઈ હતી ?

**પ્રશ્ન :- 5(બ)** **ટૂંક નોંધ લખો.** **(3)**

(1) જાતિગત ભિન્નતાના સંદર્ભમાં ભારતની રૂઢિગત માન્યતાઓ.

**શિક્ષક માટેઃ**

| પ્રશ્નક્રમાંક | અ.નિ નંબર | વિધાન |
|---|---|---|
| 1 અને 2 | SS715 | આજીવિકાઓની રીતો અને વિસ્તારની ભૌગોલિક સ્થિતિ વચ્ચેના સંબંધને સમજાવશે. (દા.ત. જાતિઓ , વિચરતી જાતિઓ અને વણજારા) |
| 3 | SS729 | ભારતના વિવિધ પ્રદેશોમાં વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓની સિદ્ધિઓ જાણે છે. |
| 4 | SS730 | યોગ્ય ઉદાહરણો સાથે વિવિધક્ષેત્રમાં સ્ત્રીઓનું યોગદાન દર્શાવે છે. |
| 5 | SS728 | સમાજના જુદા- જુદા વર્ગોની મહિલાઓ દ્વારા સામનો કરાયેલા અત્યાચારોના કારણો અને પરિણામોનું વિશ્લેષણ કરે છે. |

# સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-7 | સામાજિક વિજ્ઞાન | તારીખ : 04/02/22

સમય – 1 કલાક | કુલ ગુણ- 25

---

**પ્રશ્ન –1(અ) નીચે આપેલ ખાલી જગ્યા પૂરો.** (3)

(1) ભૂકંપીય સાગર મોજાને .....................તરીકે ઓળખવામાં આવે છે.

(2) પ્રચંડ વાતાવરણીય તોફાનો ...........................નામે ઓળખાય છે.

(3) જે વર્ષે વરસાદ સાવ ઓછો કે ના વરસે ત્યારે ................ની સમસ્યા સર્જાય છે.

**પ્રશ્ન –1(બ) પ્રશ્નોના ઉત્તર લખો.** (2)

(1) ભૂકંપ માટે કયું કારણ જવાબદાર છે?

(2) નદીના પૂર પહેલાં શું સાવચેતી રાખશો ?

**પ્રશ્ન-2 (અ) નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.** (3)

1. અભયારણ્ય એ વન્યજીવના સંરક્ષણનો મહત્વનો ઉપાય છે.
2. વૃક્ષારોપણથી ખનીજ સંસાધનનું સંરક્ષણ થઈ શકે છે.
3. આડબંધોથી જમીનનું ધોવાણ અટકાવી શકાય છે.

**પ્રશ્ન-2 (બ) આપેલ સંસાધન સંરક્ષણ માટેના બે-બે ઉપાયો જણાવો.** (2)

(1) વન- સંસાધન (2) જળ- સંસાધન

**પ્રશ્ન –3 માગ્યા મુજબ જવાબ આપો.**

(1) કૃત્રિમ ઉપગ્રહોનો ઉપયોગ જણાવો. (1)

(2) 'જાહેરાત દ્વારા લોકશાહીને સબળ બનાવી શકાય છે.' – સમજાવો. (2)

(3) વિદ્યાર્થી તરીકે સંચાર માધ્યમોનો ઉપયોગ કરતી વખતે તમે કઈ-કઈ બાબતોની સાવચેતી રાખશો? (2)

**પ્રશ્ન- 4(અ) કારણ આપો. વણઝારા ભારત અને વિશ્વ વચ્ચેની કડી હતા.** (2)

**પ્રશ્ન–4(બ) નીચે આપેલ જોડકાં જોડો.** (3)

| અ | બ |
|---|---|
| (1) વણજારા | (A) કાંસકી અને સૌંદર્ય- પ્રસાધનો વેચવાનું કાર્ય કરે છે. |
| (2) નટ | (B) શાકભાજીના ઉત્પાદન અને વેપાર |
| (3) કાંગસિયા | (C) જાદુ કરવા, દોરડા, લાકડીના કરતબથી મનોરંજન કરાવે છે. |
| | (D) વેપારી પોઠોને લાવવા- લઇ જવાનું કાર્ય કરે છે. |

**પ્રશ્ન–5 ટૂંકનોંધ લખો.** (5)

**(1)** સહારાના રણનું લોક જીવન

**(2)** લદાખના રણનું લોકજીવન

**શિક્ષક માટેઃ**

| પ્રશ્ન ક્રમાંક | અ .નિ. ક્રમાંક | વિધાન |
|---|---|---|
| 1 | SS703 | ધરતીકંપ ,પૂર, દુષ્કાળ વગેરે જેવી આપત્તિમાં લેવાનાં સાવચેતીનાં પગલાં સમજાવે છે. દુર્ઘટના તેમજ આપત્તિઓ માટેનાં પરિબળો વિશે પ્રતિભાવ આપે છે. |
| 2 | SS710 | કુદરતી સ્રોતોના સંરક્ષણની  જરૂરિયાત પ્રત્યે સંવેદનશીલ  બને છે. દા.ત. હવા, પાણી, ઉર્જા, વનસ્પતિ અને પ્રાણી સૃષ્ટિ |
| 3 | SS731 | સમાચારપત્રોનાં  યોગ્ય ઉદાહરણો સાથે મિડિયાની કામગીરી સમજે છે. |
| 4 | SS715 | આજીવિકાઓની રીતો અને વિસ્તારની ભૌગોલિક સ્થિતિ વચ્ચેના સંબંધને સમજાવે છે. દા.ત. વિચરતી અને વિમુક્ત જાતિઓ |
| 5 | SS712 | વિશિષ્ટ પ્રદેશોના વિકાસને અસર કરતાં પરિબળોનું  વિશ્લેષણ કરે છે. |

## સામયિક મૂલ્યાંકન કસોટી

**ધોરણ: 7 સામાજિક વિજ્ઞાન** **ઓક્ટોબર, 2021**

**સમય: 1 કલાક** **કુલ ગુણ: 25**

SS718 જુદા જુદા શાસકોની નીતિઓ વચ્ચેની સરખામણી કરે છે.

**પ્રશ્ન- 1 રાજપૂતયુગ અને દિલ્હી સલ્તનતયુગની શાસન વ્યવસ્થાની તુલના કરો.** **(5)**

SS717 વિવિધ રાજ્યો દ્વારા અપનાવવામાં આવેલાં લશ્કરી નિયંત્રણ માટે લીધેલાં વહીવટી પગલાં અને વ્યૂહરચનાઓનું વિશ્લેષણ કરે છે.

**પ્રશ્ન- 2 (અ)** (1) કારણ આપો.- ઇલ્તુત્મિશને ગુલામવંશનો સાચો સ્થાપક માનવામાં આવે છે. **(2)**

**પ્રશ્ન - 2 (બ) જોડકાં જોડો.** **(3)**

| | |
|---|---|
| (1) મુહમ્મદ-બિન- તુગલક | (a) ગુલામ વંશનો સ્થાપક |
| (2) કૃષ્ણ દેવરાય | (b) તરંગી યોજના |
| (3) કુતુબુદ્દીન ઐબક | (c) આંધ્રના ભોજ |
| | (d) દિલ્લી સલ્તનતનો પ્રથમ સુલતાન |

SS719 મંદિરો, કબરો અને મસ્જિદોનાં ઉદાહરણો દ્વારા વિશિષ્ટ શૈલી અને ટેકનોલોજીથી બંધાયેલાં સ્થાપત્યોનું વર્ણન કરે છે.

પ્રશ્ન- 3 (અ) નીચે આપેલી ખાલી જગ્યા પૂરો . (2)

(1) ઢાઇ દિનકા ઝોંપડા ........................શહેરમાં આવેલ છે.

(2) અલાઇ દરવાજાનું નિર્માણ ................ના સમયમાં થયું હતું.

પ્રશ્ન- 3 (બ) (1) સલ્તનત સમયનાં સ્થાપત્યોનું વર્ણન કરો. (3)

SS701 પૃથ્વીના મુખ્ય આંતરિક સ્તરો, ખડકોના પ્રકારો અને વાતાવરણના સ્તરોને (આકૃતિ દ્વારા) ઓળખે છે.

**પ્રશ્ન – 4 (અ) નીચે આપેલ ખાલી જગ્યા પૂરો.** **(2)**

(1) પૃથ્વીનું સૌથી આંતરિક સ્તર ................... નામે ઓળખાય છે.

(2) ભૂકવચની નીચે જે સ્થાને કંપનની શરૂઆત થાય છે તેને .................કેન્દ્ર કહે છે.

**પ્રશ્ન- 4 ( બ)** **નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.** **(3)**

(1) આંતરિક અગ્નિકૃત ખડકો એટલે શું ?

(2) ખડકોનો ઉપયોગ કઇ કઇ જગ્યાએ થાય છે ?

(3) સિયાલ સ્તર મુખ્યત્વે કયા ખનીજ તત્વોનું બનેલું છે ?

SS704 વિવિધ પરિબળો /ઘટનાઓને કારણે રચાતા ભૂમિ સ્વરૂપના નિર્માણનું વર્ણન કરે છે.

પ્રશ્ન – 5 (અ) યોગ્ય વિકલ્પ પસંદ કરો. (1)

(1) ટેકરીરૂપ (ડ્રમલિન ) ભૂમિ સ્વરૂપની રચના નીચે આપેલ પૈકી કયા ઘટકો દ્વારા બને છે?

(a) હિમનદી (b) સમુદ્રમોજાં (c) પવનો (d) નદી

પ્રશ્ન – 5 (બ) ટૂંકનોંધ લખો (4)

(1) હિમનદીનું ભૂમિસ્વરૂપ

(2) પવનનું કાર્ય